ઓરસંગ નદીના પટમાં દરોડો, ૯ ટ્રક અને હિટાચી મશીન સહિત લાખોની કિંમતનો મુદ્દામાલ સીઝ કરાયો

દિવાળી ટાણે ખનીજ વિભાગનો સપાટો, હાંડોદ નજીક ગેરકાયદે રેતી ખનન ઝડપાયું

ગુપ્ત બાતમીના આધારે દરોડો, બ્લોકની બહાર રેતી ખનન ઝડપાયું

(પ્રતિનિધિ) સંખેડા, તા.28

સંખેડા તાલુકાના હાંડોદ નજીક ઓરસંગ નદીના પટમાં ગેરકાયદેસર રેતી ખનનનું કૌભાંડ ઝડપાતાં ખનીજ માફિયાઓમાં ફફડાટ ફેલાયો છે. દિવાળીના તહેવાર દરમિયાન છોટાઉદેપુર ખનીજ વિભાગની ટીમે ગુપ્ત બાતમીના આધારે દરોડો પાડીને 9 ટ્રક અને એક હિટાચી મશીન સહિત લાખોની

કિંમતનો મુદ્દામાલ કબજે કરી સીઝ કર્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, સંખેડા તાલુકાના હાંડોદ નજીક ઓરસંગ નદીના પટમાં પંચેશ્વર સ્વામિનારાયણ મંદિરની પાછળના ભાગે બ્લોકની બહાર ગેરકાયદેસર રીતે રેતી ખનન કરવામાં આવતું હોવાની બાતમી ખનીજ વિભાગને મળી હતી. આ બાતમીના આધારે છોટાઉદેપુર ખનીજ વિભાગની ટીમે સ્થળ પર દરોડો પાડીને તપાસ હાથ ધરી હતી.

તપાસ દરમિયાન નદીના પટમાં પરવાનગી વિના રેતી ખનન થતું હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી રેતી ભરવા માટે ઉપયોગમાં લેવાતું એક હિટાચી મશીન મળી આવ્યું હતું. આ ઉપરાંત રેતી ભરેલા ત્રણ ટ્રક અને રેતી ભરવા માટે ઊભા રાખવામાં આવેલા છ ખાલી ટ્રક મળી કુલ નવ ટ્રક ઝડપાયા હતા.

ખનીજ વિભાગે તમામ વાહનો અને હિટાચી મશીન સહિતનો મુદ્દામાલ કબજે કરીને સીઝ કરવાની કાર્યવાહી હાથ ધરી હતી. જપ્ત કરાયેલા મુદ્દામાલની કિંમત લાખો રૂપિયામાં હોવાનું જાણવા મળ્યું છે. જોકે, ગેરકાયદેસર ખનન પાછળ કોણ જવાબદાર છે અને કેટલા સમયથી આ પ્રવૃત્તિ ચાલતી હતી તે સહિતની વિગતો તપાસ બાદ બહાર આવી શકે છે.

દિવાળીના તહેવાર દરમિયાન ખનીજ વિભાગે કરેલી આ કાર્યવાહીને પગલે સંખેડા પંથકમાં ગેરકાયદેસર ખનન કરતા તત્ત્વોમાં ફફડાટ ફેલાયો છે. ખનીજ વિભાગ દ્વારા આ મામલે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ત્રણથી ચાર દિવસથી પાણીનો વેડફાટ, કાચો રસ્તો જળમગ્ન થતાં ખેડૂતોની હાલાકી

સાવલીના આનંદીના મુવાડામાં માઈનોર કેનાલમાં ગાબડું, ખેતરોમાં પાણી ફરી વળ્યાં

(પ્રતિનિધિ) સાવલી, તા.28

સાવલી તાલુકાના મેવલી અને ધનતેજ ગામ વચ્ચે આવેલા આનંદીના મુવાડા ગામ નજીક મેવલી માઈનોર કેનાલમાં ગાબડું પડતાં લાખો લીટર પાણી ખેતરો અને કાચા રસ્તા પર ફરી વળ્યાં હતાં. છેલ્લા ત્રણથી ચાર દિવસથી પાણીનો વેડફાટ થતાં ઊભા ડાંગરના પાકને નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે. બીજી તરફ, કાચો રસ્તો પાણીમાં ગરકાવ થતાં ગ્રામજનો અને ખેડૂતોની મુશ્કેલી વધી છે.



એક તરફ ખેડૂતો સિંચાઈના પાણી માટે વલખાં મારી રહ્યા છે, ત્યારે બીજી તરફ કેનાલનું પાણી વેડફાતાં સિંચાઈ વિભાગની કામગીરી સામે રોષ જોવા મળી રહ્યો છે. રસ્તા પર પાણી ભરાતાં ખેડૂતો ખેતરો સુધી પહોંચી શકતા નથી અને અવરજવર માટે લાંબો રસ્તો વાપરવો પડે છે.

ગ્રામજન હરેન્દ્રસિંહ પરમારે જણાવ્યું હતું કે કેનાલની યોગ્ય સફાઈ અને સમારકામ કરીને પાણી છોડવામાં આવ્યું હોત તો ખેડૂતોને લાભ મળત. ગાબડું અને સફાઈની સમસ્યાનો ઉકેલ નહીં આવે તો સિંચાઈ કચેરી ખાતે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ તેમણે આપી હતી.

ગામને જોડતો કાચો રસ્તો પાકો કરવાની લાંબા સમયથી માંગ હોવા છતાં ઉકેલ આવ્યો નથી. જિલ્લા પંચાયત બાંધકામ સમિતિના ચેરમેન નેહાબેન કિરીટભાઈ બારોટના વિસ્તારમાં પણ રસ્તાની સમસ્યા યથાવત રહેતાં ગ્રામજનોએ કેનાલનું તાત્કાલિક સમારકામ અને પાકા રસ્તાની સુવિધા પૂરી પાડવાની માંગ કરી છે.

અનાવૃષ્ટિ અને ઢાઢર નદીના પૂરના કારણે ખેતીને નુકસાન થયાનો દાવો

ડભોઈ શહેર તાલુકા કોંગ્રેસ ધ્વારા ખેડૂતો ને વળતર આપવાની માંગ સાથે આવેદન પાઠવાયું

(પ્રતિનિધિ) ડભોઈ, તા.28

ડભોઈ શહેર અને તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા વરસાદની અછત, અનાવૃષ્ટિ અને પાક નિષ્ફળતાથી મુશ્કેલીમાં મુકાયેલા ખેડૂતોને તાત્કાલિક વળતર ચૂકવવાની માંગ કરવામાં આવી છે. આ અંગે કોંગ્રેસના હોદ્દેદારો અને કાર્યકરોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ પ્રાંત અધિકારીને આવેદનપત્ર પાઠવ્યું હતું.

કોંગ્રેસના જણાવ્યા મુજબ, ચાલુ સિઝનમાં વડોદરા જિલ્લાના ખેડૂતોને ખેતીમાં ભારે નુકસાન થયું છે. ઢાઢર નદીમાં પૂર આવતાં ખેતરોમાં પાણી ફરી વળ્યાં હતાં, જેના કારણે કપાસ, તુવેર અને મરચી સહિતના પાકને નુકસાન થયું હતું. ત્યારબાદ વરસાદની અછતને કારણે અન્ય

પાકના ઉત્પાદનમાં પણ ઘટાડો થયો હોવાની રજૂઆત કરાઈ હતી.

ખેડૂતોએ મોંઘા બિયારણ, જંતુનાશક દવાઓ, ડીઝલ અને મજૂરી પાછળ ખર્ચ કર્યા છતાં પૂરતું ઉત્પાદન ન મળતાં આર્થિક મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. હાલ ઊભા પાકને પાણીની જરૂરિયાત હોવા છતાં પૂરતું પાણી મળતું ન હોવાનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. કોંગ્રેસે ખેતીના નુકસાનનો તાત્કાલિક સર્વે કરાવી અસરગ્રસ્ત ખેડૂતોને સરકારી યોજનાઓ હેઠળ વળતર ચૂકવવાની માંગ કરી હતી. આ પ્રસંગે તાલુકા કોંગ્રેસ પ્રમુખ સુધીરભાઈ બારોટ, શહેર પ્રમુખ સતીશભાઈ રાવલ, પાલિકા પ્રમુખ પુષ્પાબેન રાવલ, ઉપપ્રમુખ નુર મહમદ મહુડાવાલા, અબ્ઝલભાઈ કાબાવાલા, ગોપાલભાઈ શાહ સહિત હોદ્દેદારો અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

ડભોઈમાં વાહનચોરો સક્રિય, મહુડી ભાગોળ બહારથી બાઈકની ચોરી

વીજળી ગુલ હોવાથી અંધારાનો લાભ લઈ તસ્કરો બાઇક ઉઠાવી ગયા

(પ્રતિનિધિ) ડભોઈ, તા. 28

ડભોઈ નગર અને પંથકમાં વાહનચોરીની ઘટનાઓ વધી રહી હોવાની સ્થિતિ વચ્ચે મહુડી ભાગોળ બહાર અંબિકા હોટલ સામે પાર્ક કરેલી મોટરસાઈકલની ચોરી થતાં રહીશોમાં ફફડાટ ફેલાયો છે. આ મામલે ડભોઈ પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસે તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, અંબિકા હોટલ સામે રહેતા સાકિર શબ્બીરભાઈ શેખે પોતાની હોન્ડા કંપનીની વર્ષ 2024ના મોડલની મોટરસાઈકલ રાત્રે ઘર પાસે લોક કરીને પાર્ક કરી હતી. ત્યારબાદ પરિવારના સભ્યો સૂઈ ગયા હતા. દરમિયાન વીજપુરવઠો બંધ હોવાથી વિસ્તારમાં અંધારું હતું. આ તકનો લાભ લઈ અજાણ્યા તસ્કરો મોટરસાઈકલનું લોક તોડી બાઈક ચોરી કરી ફરાર થઈ ગયા હતા.

વહેલી સવારે મોટરસાઈકલ ગાયબ જણાતાં સાકિરભાઈએ આસપાસ શોધખોળ કરી હતી. જોકે, બાઈક ન મળતાં તેમણે પોલીસને લેખિત જાણ કરી હતી. બીજી તરફ, થુવાવી ગામેથી પણ બે મોટરસાઈકલ ચોરાઈ હોવાની માહિતી મળી છે. પંથકમાં વારંવાર વાહનચોરીની ઘટનાઓ બનતાં લોકોમાં ચિંતા જોવા મળી રહી છે.

વડોદરાની હોસ્પિટલમાં સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા

સાવલીના ભાદરવામાં ગાયોની અડફેટે આવેલા ૫૫ વર્ષીય આધેડનું મોત

બે ગાયો વચ્ચેની લડાઈમાં રાહદારીને ગંભીર ઈજા

(પ્રતિનિધિ) સાવલી, તા.28

સાવલી તાલુકાના ભાદરવા ગામે રખડતાં ઢોરના કારણે એક વ્યક્તિનો જીવ ગયો હોવાની ઘટના સામે આવી છે. બે ગાયો વચ્ચેની લડાઈ દરમિયાન રસ્તેથી પસાર થતા 55 વર્ષીય આધેડ ગાયોની અડફેટે આવી જતાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. વડોદરા ખાતે સારવાર દરમિયાન તેમનું મોત નીપજતાં ગામમાં શોકની લાગણી ફેલાઈ હતી.

મળતી માહિતી મુજબ, ભાદરવા ગામના ઊંડા ફળિયામાં રહેતા દેવીસિંહ મનુભાઈ વાઘેલા (રણા), ઉંમર 55 વર્ષ, ગામની ભાગોળે આવેલા રાજરાજેશ્વર મહાદેવ મંદિર નજીકથી પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન બે ગાયો વચ્ચે લડાઈ ચાલી રહી હતી. ત્યારે ગાયોની અડફેટે આવતાં તેમને શિંગડાંની ગંભીર ઈજાઓ થઈ હતી, ખાસ કરીને માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્ત આધેડને તાત્કાલિક સારવાર માટે વડોદરા ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું કરુણ મોત નીપજ્યું હતું.

આ ઘટનાને પગલે સાવલી તાલુકામાં રખડતાં ઢોરની સમસ્યા ફરી ચર્ચામાં આવી છે. રખડતાં ઢોરને કારણે જીવ ગુમાવવાની ઘટના બનતાં ગ્રામજનોમાં ઢોરમાલિકો સામે રોષ જોવા મળી રહ્યો છે. રખડતાં ઢોરની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવાની માંગ ઉઠી છે.

જંગલ જમીન મુદ્દે સાગબારાના ૧૨ ગામોના ખેડૂતોનો વિવાદ વકર્યો

ધરણા પાછી ખેંચી, ભરોસો તૂટ્યો: બે વર્ષથી ખેડૂતો જંગલ જમીનથી વંચિત, દિવાળી છતાં ધાન પકવવાના ઠેકાણા નહીં

(પ્રતિનિધિ) ચિકદા,ભરૂચ, તા. 28

સાગબારા તાલુકાના ખોપી સહિત 12 ગામોના આદિવાસી ખેડૂતો અને જંગલ ખાતા વચ્ચે જંગલ જમીન ખેડવાના મુદ્દે વર્ષોથી ચાલી રહેલો વિવાદ ફરીવાર વકર્યો છે. રાજ્યના બે મંત્રીઓએ જમીનની સનદો આપવાની હૈયાધરપત આપ્યા બાદ પણ ખેડૂતોને જમીન ખેડવા દેવામાં ન આવતાં અને TSPમાં નવા દાવા ગણીને ફાઈલો અભરાઈ પર ચઢાવી દેવાતાં વિવાદનો મધપૂડો ફરી છેડાયો છે. આ મામલે બુધવારે મહિલા લડાયક અગ્રણી લીલાબેન વસાવાની આગેવાનીમાં

અસરગ્રસ્ત ખેડૂતોએ સાગબારા મામલતદાર ભૂપેન્દ્રભાઈ પટેલ મારફતે ગુજરાતના મુખ્યમંત્રીને લેખિતમાં આવેદનપત્ર પાઠવ્યું છે. આવેદનપત્રમાં જણાવાયું છે કે જો આગામી તા. 15મી સુધીમાં અસરગ્રસ્ત ખેડૂતોને નિકાલ ન આવે તો આત્મવિલોપન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.આવેદનપત્ર અનુસાર, સાગબારા તાલુકાના ખોપી અને નાલ સહિત 12 ગામોના આદિવાસી ખેડૂતો છેલ્લા 20 વર્ષથી જંગલની જમીનમાં ખેતી કરીને પોતાનું ગુજરાન ચલાવી રહ્યા છે. આ ખેડૂતો ઉકાઈ ડેમના વિસ્થાપિતો છે અને ડેમ બન્યો ત્યારે તેમણે લાગણીસભર રીતે પોતાની જમીનો આપી દીધી હતી.

બોડેલીમાં જિલ્લાના વિકાસકામોની સમીક્ષા બેઠક યોજાઈ

પ્રભારી સચિવની સૂચના: સ્થળ પર જઈ વિકાસકામોની સમીક્ષા કરો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 28

છોટાઉદેપુર જિલ્લાના બોડેલી તાલુકા સેવા સદન ખાતે જિલ્લા પ્રભારી સચિવ પ્રવીણ સોલંકીના અધ્યક્ષસ્થાને વિવિધ વિકાસકામોની સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠકમાં જિલ્લાના વિવિધ વિભાગો દ્વારા હાથ ધરાયેલા અને પ્રગતિ હેઠળના કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

પ્રભારી સચિવે અધિકારીઓને પરસ્પર સંકલન સાધીને વિકાસકામો સમયમર્યાદામાં પૂર્ણ કરવા સૂચના આપી હતી. ખાસ કરીને આરોગ્ય, શિક્ષણ, પાણી પુરવઠા, વાસ્મો (WASMO) તેમજ માર્ગ અને મકાન વિભાગનાં રાજ્ય અને પંચાયત હસ્તકનાં કામોની સમીક્ષા કરવામાં આવી હતી.

અધિકારીઓ માત્ર કચેરીમાં બેસીને સમીક્ષા કરવાને બદલે સ્થળ પર જઈ કામગીરીની ગુણવત્તા અને પ્રગતિનું મૂલ્યાંકન કરે તેવો અનુરોધ કરવામાં આવ્યો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં નાગરિકોને પાયાની સુવિધાઓ સમયસર મળી રહે તે માટે આયોજનબદ્ધ કામગીરી કરવા પણ ભાર મૂકાયો હતો.

બેઠકમાં નિવાસી અધિક કલેક્ટર શૈલેષ ગોકલાણી, મદદનીશ કલેક્ટર મુસ્કાન ડાગર, બોડેલી પ્રાંત અધિકારી ભૂમિકા રાઉલ સહિત વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

માંડવામાં બાવા પ્યારે પીરના સંદલ અને ઉર્ષ શરીફની શ્રદ્ધાભેર ઉજવણી

(પ્રતિનિધિ) શિનોર, તા. 28

વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના માંડવા ગામે આવેલી સુપ્રસિદ્ધ બાવા પ્યારે પીરની દરગાહ ખાતે તા. 27 ઓક્ટોબર, 2026ના રોજ સંદલ અને ઉર્ષ શરીફની શ્રદ્ધાભેર ઉજવણી કરવામાં આવી હતી. આ ધાર્મિક કાર્યક્રમમાં ગુજરાત સહિત અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ અંતર્ગત સાંજે 5 વાગ્યે દરગાહ ખાતે પરંપરાગત રીતે સંદલ ચડાવવામાં આવ્યો હતો. ત્યારબાદ આમ નિયાઝનું આયોજન કરવામાં આવ્યું હતું, જ્યારે રાત્રે 8 વાગ્યે નાતશરીફનો કાર્યક્રમ યોજાયો હતો. શ્રદ્ધાળુઓની ઉપસ્થિતિથી દરગાહ પર ભક્તિમય માહોલ સર્જાયો હતો.

માંડવા ગામની બાવા પ્યારે પીરની દરગાહ હિન્દુ-મુસ્લિમ એકતાના પ્રતીક તરીકે જાણીતી છે. અહીં વિવિધ ધર્મના લોકો ઊંડી શ્રદ્ધા ધરાવે છે. સંદલ અને ઉર્ષ શરીફના આ આયોજનમાં વિવિધ વિસ્તારોમાંથી આવેલા શ્રદ્ધાળુઓની હાજરીએ કોમી એકતા, ભાઈચારા અને સામાજિક સદભાવનાનો સંદેશ આપ્યો હતો.

સાલીયા ગામે સ્વિફ્ટ કારની અડફેટે મોટરસાઈકલ ચાલકનું મોત

હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં 63 વર્ષીય વૃદ્ધે જીવ ગુમાવ્યો

(પ્રતિનિધિ) બોડેલી, તા. 28

દાહોદથી ગોધરા તરફ જતા હાઈવે પર દેવગઢ બારીયા તાલુકાના સાલીયા ગામે વણઝારા હોટલ સામે સ્વિફ્ટ કારની અડફેટે મોટરસાઈકલ ચાલકનું મોત નીપજ્યું હતું. અકસ્માતમાં ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા 63 વર્ષીય વૃદ્ધનું સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં શોકની લાગણી ફેલાઈ હતી.

મળતી માહિતી મુજબ, તા. 25 ઓક્ટોબર, 2026ના રોજ વહેલી સવારે છ વાગ્યાના અરસામાં જીજે-06-એચએસ-4242 નંબરની સ્વિફ્ટ કારના ચાલકે પૂરઝડપે અને ગફલતભરી રીતે કાર હંકારી સામેથી આવતી જીજે-01-એફબી-5641 નંબરની મોટરસાઈકલને ટક્કર મારી હતી. અકસ્માામાં ભથવાડા ગામના પટેલ ટેકરા ફળિયામાં રહેતા બુધસિંહ પ્રતાપસિંહ પટેલ (ઉ.વ. 63) મોટરસાઈકલ પરથી નીચે પટકાતાં તેમને શરીર અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. તેમને સારવાર માટે દેવગઢ બારીયાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

આ મામલે મૃતકના પુત્ર છત્રસિંહ બુધસિંહ પટેલે પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કારચાલક વિરુદ્ધ અકસ્માતમાં મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

નર્મદા માતાના વાહનનું પ્રતીક અને સ્ટેચ્યુ ઓફ યુનિટીનો અદ્ભુત નજારો

ગોરા બ્રિજ પર પથ્થરોમાંથી સાકાર થયો વિશાળ મગર

નાના પથ્થરોમાંથી તૈયાર થયેલી મગરની ભવ્ય પ્રતિકૃતિ બની પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર

(પ્રતિનિધિ) કેવડિયા, તા.28

નર્મદા જિલ્લાના એકતાનગરમાં પ્રવાસનનાં વિવિધ આકર્ષણો વચ્ચે ગોરા બ્રિજ પર આવેલી નાના પથ્થરોમાંથી તૈયાર કરાયેલી વિશાળ કૃત્રિમ મગરની પ્રતિકૃતિ પ્રવાસીઓ માટે આકર્ષણનું અનોખું કેન્દ્ર બની રહી છે. નર્મદા નદીના વિશાળ પટ અને આસપાસના નયનરમ્ય વાતાવરણ વચ્ચે અડીખમ ઊભેલી મગરની આ ભવ્ય રચના પ્રથમ નજરે જ સહેલાણીઓનું ધ્યાન ખેંચે છે. નર્મદા માતાના વાહન તરીકે મગરનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્ત્વ પણ આ પ્રતિકૃતિને વિશિષ્ટ બનાવે છે. પ્રકૃતિની નજીક માનવસર્જિત કલ્પનાને સાકાર કરતી આ રચના ગોરા બ્રિજના દૃશ્યને આગવી ઓળખ આપે છે.

નાના પથ્થરોમાંથી સાકાર થયેલી મગરની ભવ્ય પ્રતિકૃતિમાં કળાની જીવંત ઝલક ગોરા બ્રિજ પરથી પસાર થતાં પ્રવાસીઓની નજર વિશાળ મગરની પ્રતિકૃતિ પર અચૂક પડે છે. નાના પથ્થરોનો ઉપયોગ કરીને તૈયાર કરાયેલી આ રચનામાં મગરના શરીરની વિશાળ કાયા, ખુલ્લું જડબું અને તેની બારીક વિગતો તેને આકર્ષક સ્વરૂપ આપે છે. વાસ્તવિક મગર જેવી દેખાતી આ કૃત્રિમ રચના પ્રવાસીઓમાં કુતૂહલ જગાવે છે અને તેમને થોભીને તેને નિહાળવા પ્રેરિત કરે છે.

મગરની આ પ્રતિકૃતિ માત્ર એક શિલ્પ પૂરતી મર્યાદિત નથી, પરંતુ પ્રવાસન સ્થળની ઓળખને વધુ રસપ્રદ બનાવતું માનવસર્જિત નજરાણું છે. નર્મદા માતાના વાહન તરીકે મગરની માન્યતા સાથે જોડાયેલી આ રચના ધાર્મિક આસ્થા, પ્રતીકાત્મકતા અને સર્જનાત્મક કળાનું અનોખું સંયોજન રજૂ કરે છે. બાળકોમાં ખાસ ઉત્સુકતા જગાવતી આ રચના પરિવાર સાથે ફરવા આવતા પ્રવાસીઓ માટે ફોટોગ્રાફીનું પણ આકર્ષણ બની શકે છે. તેની વિશાળતા અને વિશિષ્ટ આકારને કારણે અહીંથી પસાર થતી વખતે પ્રવાસીઓની નજર સહજ રીતે તેના તરફ ખેંચાય છે.

નર્મદાના કિનારે મગરનું અનોખું આકર્ષણ અને સ્ટેચ્યુ ઑફ યુનિટીનો નયનરમ્ય નજારો એક તરફ નર્મદા નદીનો વિશાળ જળવિસ્તાર, બીજી તરફ ગોરા બ્રિજ પર આવેલી મગરની ભવ્ય પ્રતિકૃતિ અને તેની સાથે નજરે પડતો વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીનો અદ્ભુત નજારો-આ સમગ્ર દૃશ્ય પ્રવાસીઓને એક અલગ જ અનુભૂતિ કરાવે છે. માં નર્મદા નદીનું કુદરતી સૌંદર્ય, પથ્થરોમાંથી સાકાર થયેલી કલાકૃતિ અને સ્ટેચ્યુ ઑફ યુનિટીની ભવ્યતા મળીને પ્રકૃતિ તથા માનવસર્જિત કળા વચ્ચેનો સુંદર દૃશ્યાત્મક સંવાદ સર્જે છે.

વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીના સાનિધ્યમાં વિકસતા એકતાનગરમાં આવા વિશિષ્ટ આકર્ષણો પ્રવાસનના અનુભવને વધુ વૈવિધ્યસભર બનાવે છે. ગોરા બ્રિજ પરથી મગરની પ્રતિકૃતિ સાથે નર્મદા નદી અને સ્ટેચ્યુ ઑફ યુનિટીને નિહાળવાની તક પ્રવાસીઓને અહીંના પ્રવાસન પરિસરના એક અલગ પાસાનો પરિચય કરાવે છે.

સેલ્ફી બૂથ અને પ્રતિજ્ઞા દ્વારા રાષ્ટ્રીય સુરક્ષા પ્રત્યે જાગૃતિ ફેલાવાશે

'નકલમુક્ત ભારત'ની થીમ સાથે એકતા નગરમાં રાષ્ટ્રીય એકતા દિવસની ભવ્ય ઉજવણી

૩૧મી ઓક્ટોબરે એકતા પરેડ, 'એકતા પ્રકાશ પર્વ' અને 'ભારત પર્વ' બનશે

(પ્રતિનિધિ) કેવડિયા, તા.28

લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિના અવસરે ૩૧મી ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ એકતા નગર ખાતે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને આંતરિક સુરક્ષાના સંકલ્પને વધુ મજબૂત બનાવવાના હેતુથી આ વર્ષે 'નકલમુક્ત ભારત'ની થીમ સાથે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. ભવ્ય 'એકતા પરેડ', 'એકતા પ્રકાશ પર્વ' અને 'ભારત પર્વ' સહિતના કાર્યક્રમો દેશભક્તિ, સાંસ્કૃતિક વૈવિધ્ય અને રાષ્ટ્રીય એકતાનો સંદેશ પ્રસરાવશે.

સ્ટેચ્યુ ઓફ યુનિટીના મુખ્ય કારોબારી અધિકારી અમિત અરોરાએ જણાવ્યું હતું કે, રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણીમાં દેશની આંતરિક સુરક્ષા અને અખંડ ભારતના નિર્માણમાં અર્ધલશ્કરી અને પોલીસ દળોના અમૂલ્ય યોગદાનને બિરદાવવામાં આવશે. આ નિમિત્તે યોજાનારી એકતા પરેડમાં વિવિધ સુરક્ષા દળોની ટુકડીઓ, પોલીસ બેન્ડ, આકર્ષક ટેબ્લોઝ અને સાંસ્કૃતિક કલાકારો દેશની એકતા તથા સુરક્ષાનું પ્રતીક બનીને ઉપસ્થિત રહેશે. સાંજના સમયે વિશેષ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ વર્ષની ઉજવણીનું વિશેષ આકર્ષણ 'એકતા પ્રકાશ પર્વ' રહેશે, જે 'યુનિટી' એટલે કે એકતાની થીમ પર સતત ત્રણ મહિના સુધી યોજાશે. આ આયોજન દ્વારા એકતા નગરમાં આવતા પ્રવાસીઓને રાષ્ટ્રીય એકતાના મૂલ્યો સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવશે. સાથે જ 'ભારત પર્વ'ના માધ્યમથી દેશનાં વિવિધ રાજ્યોની સંસ્કૃતિ, પરંપરા, કલા અને વિકાસની ગાથા પ્રવાસીઓ સમક્ષ રજૂ કરવામાં આવશે. આ પહેલ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ની ભાવનાને વધુ પ્રબળ બનાવશે.